**Divyabhaskar (Citybhaskar)**

**May 26, 2017**
**Pg.1**

**EDII**

# EDIIમાં 110 NGOને ગ્રાન્ટ નોમિનેશનની માહિતી અપાઇ

## HCL ફાઉન્ડેશન દ્વારા ઈડીઆઈઆઈ કેમ્પસમાં સિમ્પોસિયમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું

સિટી રિપોર્ટર @ahm_cb

સામાજીક કલ્યાણ અર્થે કામ કરતી એન.જી.ઓને ઘણી વખત સી.એસ. આર હેઠળ પ્રાઈવેટ કંપનીઓની ગ્રાન્ટ અધુરા ડ્રોક્યુમેન્ટના કારણે મળતી નથી. જેના માટે એચ.સી. એલ ફાઉન્ડેશ દ્વારા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) કેમ્પસ ખાતે સિમ્પોસિયમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગુજરાતની 110 એન.જી. ઓને સી.એસ.આર હેઠળ મળતી વિવિધ ગ્રાન્ટ કેવી રીતે મેળવી શકાય તેના માટેની પ્રોસેસ અને જરૂરી ડ્રોક્યુમેન્ટ કલેક્શન વિશેની માહિતી આપવામા આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાતની 110 એન.જી.ઓએ આ સિમ્પોસિયમ્સમાં ભાગ લઈને વિવિધ પ્રકારની આર્થિક સહાય કેવી રીતે મેળવી શકાય તેની માહિતી અને તેને લગતા પ્રશ્નોના જવાબો એક્સપર્ટ પાસેથી મેળવ્યા હતા. આ કાર્યક્રમ યોજવા પાછળનો મુખ્ય ઉદ્દેશ અધુરા ડ્રોક્યુમેન્ટના કારણે આર્થિક સહાયથી વંચિત રહી જતા એન.જી. ઓને ગ્રાન્ટ નોમિનેશનની માહિતી આપવાનો છે.